R.C.S.No.33-2015

## આંક–૮૮ લગત હુકમ

**(૧)** આ કામના પ્રતિવાદી નં.૬ ઐયુબ ઈસ્માઈલ ઢેરખાડીવાલા નાએ સદર અરજી આપી અરજ કરેલ છે કે, આ કામના વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી સદંતર ખોટી, પુરાવા વિનાની, કાયદાની જોગવાઈઓ વિરુધ્ધની બદઈરાદાપુર્વક ની છે જેથી વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી ચાલવા પાત્ર નથી. જેથી વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી પ્ર થમ તબકકે રદ કરવા અરજ કરેલ છે.

આ કામના વાદીએ દાવો દાખલ કરતા પહેલા પ્રતિવાદીઓને કોઈપણ પ્ર કારની લીગલ નોટીસ આપેલી નથી કે સક્ષમ મહેસુલી અધિકારી પાસે કોઈ રજુઆત કે દાદ માંગેલી નથી. વાદી કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ સીધા નામદાર કોર્ટમાં દાવો જાહેરાતનો, વહેચણનો, મનાઈ હુકમ અરજી સમય મર્યાદા બાદ દાખલ કરેલી છે. જેથી વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી પ્રથમ તબકકે ચાલવા પાત્ર નથી. જેથી તે રદ કરતો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીના પેરા નં.૧(બ) ગામ બદલપુરાની જમીન જેની વિગત નીચે પરિશિષ્ટ મુજબની છે. જે જમીન પ્રતિવાદી નં. ૬ નાએ ખરીદ કર્યા પહેલા નીચેની વિગતોએ માલીકી તથા કબજા હકકોની ખાત્રી કરી જમીન વેચાણ રાખી હતી.

**–: જમીનનુ પરિશિષ્ટ :–**

| ગામનુ નામ | બ્લોક/સર્વે નંબર | ખાતા નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી | આકાર રૂા.–પૈસા |
|---|---|---|---|---|
| બદલપુરા | ૨૧૧ | ૧૧૯ | ૦૧–૬૦–૦૦ | ૧૦.૩૫ |

ઉપર જણાવેલ જમીનમાં વાદીના વાલી મહંમદ ઉમરનો કોઈ હકક, હિત, લાગભાગ નથી, કારણ કે ઉપર પરિશિષ્ટમાં જણાવેલ જમીનના મુળ માલીક ઠાકોર સાહેબ,

મહેરામસીહ, ઉર્ફે મહંમદ મસુલ જલાલુદીન પાસે પ્રતિવાદી નં.૨ વલી મહંમદ ઉમરને તાલુકા વિકાસ અધિકારીશ્રીના હુકમ એલ.એ./૧૧–૬૫, તા.૧/૯/૧૯૬૫ ના હુકમ મુજબ રૂા.૬૩૪/– ના અવેજ કરી પ્રતિવાદી નં.૨ વલી મહંમદ ઉમર એ ચુકવતા પરિશિષ્ટની જમીનના પ્રતિવાદી નં.૨ વલી મહંમદ ઉમર કાયદેસરના પ્રથમ યાને સ્વપાર્જિતથી માલીક તથા કબજેદાર થયા હતા. જેની ૬–અ ના હકકપત્રકની નોધ નં.૭૬૯ તા.૧/૧૨/૧૯૬૫ ની પ્રમાણીત થયેલ. જે નોધની નકલ આ સાથે અલગ પુરાવાથી નિ.૧ થી રજુ કરેલ છે. ત્યાર બાદ રી–સર્વે થયાની ૬–અ ના હકકપત્રકની નોધ નં.૧૩૬૬ તા.૨૧/૮/૧૯૯૫ ની નકલ અલગ પુરાવા લીસ્ટ નિ.૨ થી રજુ કરેલ છે. ત્યાર બાદ પ્રતિવાદી નં.૨ વલી મહંમદ ઉમર નુ તા.૨/૬/૧૯૯૬ ના રોજ અવસાન થતા મર્હુમના વારસદારો તરીકે પ્રતિવાદી નં.૨/૧ અબ્દુલ વલી મહંમદ, ૨/૨. ઈબ્રા હીમ વલી મહંમદ, ૨/૩ ફાતમાબેન વલી મહંમદ, ૨/૪ અલ્લારખા વલી મહંમદ, ૨/૫ બીબીબેન વલી મહંમદની વિધવાના નામો વારસાઈ હકકોથી ૬–અ ના હકક પત્રકના નોધ નં.૧૪૯૧ તા.૨૬/૩/૦૩ ના રોજ દાખલ થયા હતા જે નોધની નકલ અલગ પુરાવા લીસ્ટ નં.૩ રજુ કરેલ છે.

ત્યાર બાદ પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૫ એ પરિશિષ્ટની જમીનને બિનખેતી પ્રિ મીયમ પાત્ર (જુની શરતમાં) ફેરવવા માટે પ્રિમીયમ ભરેલ છે. જેની નોધ નં.૧૬૫૨ તા.૮/૧ ૦/૦૮ ની પ્રમાણીત થયેલ છે જે નોધની નકલ અલગ પુરાવા લીસ્ટ નિ.૪ થી રજુ કરેલ છે.

ત્યાર બાદ પ્રતિવાદી નં.૨/૫ બીબીબેન વલી મહંમદની વિધવા તા.૧૮/૫/૦૬ ના રોજ અવસાન થતા નોધ નં.૧૬૮૪ તા.૨/૭/૧૦ થી મર્હુમનુ નામ કમી કરતી નોધની નકલ અલગ પુરાવા લીસ્ટ નિ.૫ રજુ કરેલ છે.

ત્યાર બાદ પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪ તથા પ્રતિવાદી નં.૬ બંને ભેગા થઈ પરિશિષ્ટની જમીનની વેચાણ કિંમત રૂા.૪,૧૬,૦૦૦/– (રુપીયા ચાર લાખ સોળ હજાર પુરા) નકકી કરી, જેનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪ એ પ્રતિવાદી નં.૬ ના નામનો સબ રજીસ્ટ્રારશ્રી, વાગરાની કચેરએ રજી. નં.૧૯૨૧ તા.૫/૭/૧૦ ના રોજ રજીસ્ટ્રેશન કરી આપ્યા બાદ પ્રતિવાદી નં.૬ પરિશિષ્ટ જમીનના માલીક તેમજ કબજેદાર થયા હતા જે વેચાણની નોધ

૬–અ ના હકકપત્રકમાં નોધ નં.૧૬૯૮ તા.૧૯/૨/૧૧ ના રોજ નોધી પ્રમાણીત થયેલ છે જેની નકલ અલગ પુરાવા લીસ્ટ નં.૬ થી રજુ કરેલ છે.

આમ, પ્રતિવાદી નં.૬ ની આ અરજીના પેરા નં.૪ થી જણાવેલ રજુઆત મુજબ વાદી મહંમદ ઉમર મોઢુનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીના પેરા નં.૨ માં જણાવ્યા પ્રમાણે પરિશિષ્ટ વિગતમાં જણાવેલ જમીનની માલીકી તથા કબજા ભોગવટાની હતી તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, પરિશિષ્ટથી જણાવેલ મીલકત ઉપર વાદીની કોઈ માલીકી, કબજો, ભોગવટો પ્રથમથી નથી. જેથી પરિશિષ્ટથી જણાવેલ મીલકતનો વાદીનો કે તેમના વારસદારનો કોઈ હકક, હિત કે લાગભાગ નથી તેવુ સ્પષ્ટ જાહેર થતો પુરાવો હોય, જેથી પણ વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી કરવાનુ કોઈ કારણ પ્રાપ્ત થતુ ન હોય વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી પ્રથમ તબકકે તદન ખોટી, કાયદાની જોગવાઈ વિરુઘ્ધની પુરાવા વિનાની ઉપજાવી કાઢેલી હોય જે પ્રથમ તબકકે રદ કરતો હુકમ કરવા અરજ છે.

વાદીનો દાવો વહેચણનો તથા મનાઈ હુકમની અરજીના પેરા નં.૧ ના અ,બ,ક,ડ,ઈ થી જણાવેલ જમીનનુ કુલ ક્ષેત્રફળ ૫૮–૭૬–૫૦ હે.આરે.ચોમી યાને ૧ ૪૭.૦૦ એકર જેટલી થાય છે. જેની કિંમત ત્રણ કરોડ રુપીયા થાય છે વાદીએ ફકત રૂા.૩,૦૦,૦૦૦/– આંક નકકી કરી કોર્ટ સ્ટેમ્પ ચોઢેલો છે. આમ વાદીએ તદન ખોટો આંક દર્શાવી હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીએ કાયદાની જોગવાઈઓ મુજબ કોર્ટ સ્ટેમ્પ લગાડેલ નથી. જેથી હાલના સ્વરુપનો વાદીનો દાવો જાહેરાતનો , વહેચણનો, મનાઈ હુકમનો ચલાવવા પાત્ર નથી. જેથી વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ છે.

વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીમાં દાવાનુ કારણ સ્પષ્ટ જણાવી તેને લગતા સુસંગત પુરાવાઓ રજુ કરેલા નથી. જેથી પણ વાદીના હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી " કોઝ ઓફ એકશન" વગર નો હોય ચલાવવાને પાત્ર નથી. જેથી વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ છે.

વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીથી જણાવેલ વિવાદો લગભગ ૪૦ વર્ષ પહેલાના છે જે વિવાદોની દાવાવાળી જમીનની ૬–અ ના હકકપત્રકની નોધો માટેની છે જે વિવાદો વાદીને પ્રથમ મહેસુલી અધિકારીને કરવાની કાયદામાં જોગવાઈ છે પરંતુ વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીથી જણાવેલ વિવાદો ખોટા, ઉપજાવી કાઢી પ્રતિવાદી ને હેરાન કરી આર્થિક લાભ મેળવવાના બદઈરાદે ઉપજાવી કાઢેલા છે જેથી પણ વાદીનો હાલના સ્વરુપનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી પ્રથમ તબકકે રદ થવા પાત્ર છે જેથી રદ કરતો હુકમ કરવા અરજ છે.

વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીના પેરા નં.૧ થી જણાવ્યા પ્રમાણે વાદી મહંમદ ઉમર મોઢુ નુ ૧૯૭૬ માં મૈયત થયેલ ત્યાર બાદ વાદીએ ૪૩ વર્ષ સુધી વાદીએ કોઈ તકરાર કે વિવાદો કરેલા નથી. વાદીની તકરાર ૪૦ વર્ષ પહેલાની કાયદામાં કરેલ જોગવાઈઓ મુજબ સમય મર્યાદા બહારની છે જેથી પણ વાદીનો હાલના સ્વરુપનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીની રજુઆત સમય મર્યાદા લીમીટેશન એકટ ૧૯૬૩ ના આર્ટીકલ્સ ૫૯ મુજબ પણ વાદીનો હાલના સ્વરુપનો આ દાવાને મુદતનો બાધ નડતો હોય તેથી તે ચાલી શકાતો નથી જેથી તે રદ થવા પાત્ર છે.

વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીમાં પ્રતિવાદી નં.૨ ના વારસદાર પ્રતિવાદી નં.૨/૫ બીબીબેન વલી મહંમદની વિધવાનુ તા.૧૮/૫/૦૬ ના રોજ અવસાન થતા તેઓનુ નામ ૬–અ ના હકક પત્રકમાં નોધ નં.૧૬૨૫, તા.૮/૧૦/૦૮ પ્રમાણીત થતા કમી થયેલા. આમ, છતાં વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી દાખલ કરી ઈરાદાપુર્વક ખોટા પક્ષકાર બનાવેલ છે જેથી પણ વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી તદન ખોટો, પુરાવા વગરનો, કાયદાની જોગવાઈનો વિરુધ્ધનો છે જેથી તે રદ કરવા અરજ છે.

ઉપરોકત પ્રતિવાદી નં.૬ ની રજુઆતને વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીને સી.પી.કોર્ડ ઓર્ડર ૭ રૂલ્સ ૧૧ મુજબ રદ કરવાની થતી હોય સબબ અરજ કરેલ છે કે, વાદીનો  દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીથી

માંગેલ દાદ તદન ખોટી, પુરાવા વિનાની, ખોટી રજુઆત કરી તથા મુદતના નિયમોનો બાધ નડતો હોય તેમજ કાયદા મુજબ આંક ખોટો દર્શાવી ઓછો સ્ટેમ્પ ફી વાપરી આ દાવો દાખલ કરેલ છે. જેથી વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી સી.પી.કોડ ઓર્ડર–૭ રૂલ્સ ૧૧ મુજબ રદ કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા તેમજ બીજી જે દાદ મુનાસીબ લાગે તેવી હરકોઈ દાદ અપાવવા તેમજ વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી તદન ખોટી દાખલ કરી પ્રતિવાદીને હેરાન પરેશાન કરેલ હોય વાદી પાસે યોગ્ય ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૨) ત્યાર બાદ વાદી પક્ષને પુરતી તક આપવા છતાં પ્રતિવાદીની હાલની આ અરજી વિરુધ્ધ કોઈ જવાબ રજુ રાખેલ ના હોય તે સંજોગોમાં વાદીનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ પ્રતિવાદી તર્ફે તેઓની અરજીના સમર્થનમાં વિ.વ.શ્રી આર.જે.મોદી નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે, આ અરજી સાથે લીસ્ટ રજુ છે. નોધ નં.૭૬૯ થી પડેલ છે તેમાં દાવાવાળી મીલકત પૈકી સર્વે નં.૨૧૧ ગણોતધારા હેઠળ મળેલ છે. આમ, પ્રથમ માલીક વલી મહંમદ છે અને મહમદ ઉમરને કાઈ લેવા દેવા નથી. ટી.ડી.ઓ.શ્રીના હુકમ મુજબ રૂા.૬૩૪ નું અવેજ ચુકવી સદર જમીન મળેલ છે. રીસર્વે માં પણ અમો પ્રતિવાદીને કબજેદાર ઠરાવેલા છે. પ્રતિવાદી નં.૨ નુ અવશાન થતા વારસ તરીકે ૧ થી ૫ ને જોડવામાં આવે છે. પ્રિમીયમ પણ અમે ભરેલ છે. નોધ નં.૧૬૨૫ પ્રમાણીત કરેલ છે. પ્ર તિવાદી નં.૨/૫ બીબીબેન દાવો કરતા પહેલા ગુજરી ગયેલા છે. મીલકત પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૫ પાસેથી પ્રતિવાદી નં.૬ નાએ વેચાણ લીધેલ છે. વેચાણ રજીસ્ટર્ડ છે આમ, માલીક અને કબજેદાર બનેલા છીએ. વાદીએ રૂા.૩,૦૦,૦૦૦/– નો આંક બાંધેલ છે અને ૧૪૭ એકર જેટલી જમીન હોય બજાર કિંમત જંત્રી મુજબ રૂા.૩ કરોડ થાય છે આમ માત્ર રૂા.૩ લાખનો આંક બાંધી તે મુજબ અપુરતો સ્ટેમ્પ વાપરેલ હોય તેમજ લીમીટેશનનો બાધ નડતો હોય દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) ત્યાર બાદ વાદીના વિ.વ.શ્રી એ.કે.પટેલ નાઓએ મૌખિક દલીલો વિસ્તાર પુર્વક સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીનો આ કામે પુરાવો રજુ થઈ ગયેલ

છે અને કામ ઉલટ તપાસ સારુ મુલતવામાં આવેલ છે . પ્રતિવાદીની જે અરજી છે તેની હકીકત જોતા તે અંગેનો નિર્ણય પુરાવો લીધા સીવાય થઈ શકે તેમ નથી. આમ, કામ લંબાવવા માટે ખોટી અરજી આપેલ હોય હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. અહી એ નોંધવુ જરુરી છે કે, સી.પી.સી.ઓર્ડર ૭, રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય કરતી વખતે નામદાર કોર્ટ વાદીની દાવા અરજીની હકીકત અને તેના સમર્થનમાં રજુ કરેલા દસ્તાવેજો ધ્યાનમાં લેવા ના હોય છે પ્રતિવાદીનો જવાબ કે વાંધો ધ્યાને લેવાના હોતા નથી.આ કામે પ્ર તિવાદીની દાદ વંચાણે લેવામાં આવે તો " વાદીનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજીથી માંગેલ દાદ તદન ખોટી, પુરાવા વિનાની, ખોટી રજુઆત કરી તથા મુદતના નિયમોનો બાધ નડતો હોય તેમજ કાયદા મુજબ આંક ખોટો દર્શાવી ઓછો સ્ટેમ્પ ફી વાપરી આ દાવો દાખલ કરેલ છે. જેથી વાદીનો હાલના સ્વરુપનો દાવો જાહેરાતનો, વહેચણનો તથા મનાઈ હુકમની અરજી સી.પી.કોડ ઓર્ડર–૭ રૂલ્સ ૧૧ મુજબ રદ કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે. " હવે વાદીએ તેઓના દાવામાં માંગેલ દાદ (અ) વંચાણે લેવામાં આવે તો " ઉપર જણાવેલી વિગતે પેરા નં.૧ માં જણાવેલી મીલકતોના વાદીઓ તથા પ્રતિવાદી ઓ સહમાલીક, સહકબજેદાર છે તેવુ જાહેર કરો." તે સબબની માંગેલ છે. આમ વાદીની દાદ જાહેરાતની દાદ છે અને રેકર્ડ વંચાણે લેતા વાદગ્રસ્ત મીલકત ખેતીની જમીન છે. તે સંજોગોમાં તેનુ નાણાકીય મુલ્યાંકન થઈ શકે તેમ નથી. ત્યારે ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૬ (૧૨) મુજબ જાહેરાત માટે રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ વાપરવો પડે.

વધુમાં વાદીની દાવા અરજીની દાદ (બ) વંચાણે લેવામાં આવે તો " પેરા નં.૧ માં જણાવેલી મીલકતોમાં વાદીઓનો હકક, હિસ્સો હોય એડમીનીસ્ટ્રેટર નીમી તેઓનો અડધો હિસ્સો હદદ નિશાનથી છુટો પાડી એડમીનીસ્ટ્રેશન કરી આપતો હુકમનામુ કરી આપશોજી." તે સબબની દાદ માંગેલ છે. આમ, વાદીની દાદ પાર્ટીશનની દાદ છે અને વાદીએ સંયુકત કુંટુંબની મીલકતમાંથી તેઓનો અડધો હિસ્સો માંગેલાનું જણાય છે. તે સંજોગોમાં પાર્ટીશનની દાદ અન્વયે ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૬(૧૫) મુજબ ખેતીની જમીનના આકારની ૪૦ પટ્ટની રકમનો હિસ્સા અનુસાર કોર્ટ ફી સ્ટેમ્પ ભરવો જોઈએ. આમ દાવાવાળી

ખેતીની જમીન હોવાથી વાદીની દાવા અરજીના પેરા નં.૭ માં જણાવ્યા મુજબ જમીનના આકારના રૂા.૩૮૪.૭૦ થતા હોય તેને ૪૦ પટ્ટે ગણતા રૂા.૧૫,૩૬૩/– થાય. ત્યારે તે સંજોગોમાં ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૬(૧૩) અને ૬(૧૫) મુજબ તેમજ ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ ની કોર્ટ ફી અનુસુચિ–૧ મુજબ વાદીએ તેઓના હિસ્સા અનુસાર રૂ.૭૫૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ભરવો જોઈએ.

વધુમાં વાદીની દાવા અરજીની દાદ (ક) વંચાણે લેવામાં આવે તો " પ્રતિવાદીઓ જાતે અગર તેના ઘરના માણસો કે એજન્ટો, કે કુલમુખત્યાર મારફતે પેરા નં.૧ માં જણાવેલ મીલકતો કોઈને કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહી કે રેકર્ડમાં કોઈ ફેરફાર કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ ફરમાવશોજી." તે સબબની દાદ માંગેલ છે. તેમજ દાદ (ડ) વંચાણે લ ેવામાં આવે તો " પેરા નં.૧ માં જણાવેલ મીલકતોમાં વાદીઓ સહમાલીક, સહકબજેદાર હોઈ તેઓને વ્યાજબી વાપર, ઉપભોગ કરતા પ્રતિવાદીઓ જાતે અગર તેના ઘરના માણસો કે એજન્ટો કે કુલમુખત્યાર મારફતે અટકાવ, અવરોધ કે અંતરાય કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ ફરમાવોશજી." તે સબબની દાદ માંગેલ છે. આમ વાદીની દાદ (ક) અને (ડ) વંચાણે લેતાં તેમાં તેઓએ મનાઈ હુકમની દાદ માંગેલ છે ત્યારે ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૬(૧ ૨) મુજબ મનાઈ હુકમની પ્રત્યેક દાદ સંદર્ભે રૂા.૧૦૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ભરવો જોઈએ.

આમ, હાથ ઉપરના કેસમાં ખેતીની જમીન અંગેની તકરાર હોય ત્યારે આકાર ઉપર ૪૦ પટ્ટની રકમ ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ ભરવાનો થાય છે અને માર્કેટ વેલ્યુ મુજબ સ્ટેમ્પ ભરવાની જરુર નથી. તે સંજોગોમાં વાદીએ દાવા અરજીમાં માંગેલ દાદની કિંમત યોગ્ય રીતે આંકેલ છે અને તે રીતે કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલાનુ જણાય આવે છે.

વધુમાં પ્રતિવાદી તર્ફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, હાલના દાવાને મુદતના નિયમોનો બાધ નડે છે પરંતુ લીમીટેશનએ હકીકત અને કાયદાનો મિશ્ર પ્રશ્ન છે અને જે દાવાના કામે ઈન્સાફી કાર્યવાહી કર્યા વગર નિર્ણિત થઈ શકે તેમ નથી. આમ હાલના સ્ટેજે વાદીની દાવા અરજી અને રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા વાદીએ દાવા અરજીમાં જણાવેલ દાવાના કારણો મુજબ પ્રતિવાદી પાસે તા.૧/૩/૧૨ ના રોજ તેઓના હિસ્સાની મીલકતોના કબજાની માંગણી કરતા પ્રતિવાદીઓએ હિસ્સો આપવાનો ઈન્કાર કરેલ છે અને ધમકી આપી ત્યારથી

ઉત્પન્ન થયેલ છે. તે સબબ દાવાનુ કારણ જણાવેલાનું જણાય છે ત્યારે રેકર્ડ વંચાણે લેતા વાદીએ હાલનો દાવો તા.૧૩/૩/૧ર ના રોજ દાખલ કરેલાનુ જણાય છે.તે સંજોગોમાં દાવા અરજીમાં જણાવેલ દાવાના કારણ મુજબ હાલના તબકકે દાવો સમય મર્યાદામાં લાવેલાનુ જણાય છે. તે તમામ સંજોગોમાં પ્રતિવાદી નં.૬ ની હાલની આ અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

પ્રતિવાદી નં.૬ ની હાલની આંક–૮૮ ની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ તા.૧૧ મી, માહે ડીસેમ્બર, સને ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૧–૧ર–ર૦૧૮**
**વાગરા.**

**(સાગરકુમાર શાંતિલાલ પ્રજાપતિ)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**વાગરા GJ01482**

STENOGRAPHER : I.A.PARMAR